-----------------------------------------------

**રાધનપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૩૦૬૯૪/૨૦૨૩, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ),૬૫(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨) તથા આઈ.પી.સી.ની કલમ ૧૨૦ (બી),૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબના ગુનાના કામે આરોપી ગઢવી દેવરાજ ગોપાલ રહે. કલવણા રોડ,શકિતનગર, મુ.તા. માંડવી જી.કચ્છવાળાની જામીન અરજી લગત હુકમ.**

-----------------------------------------------

(૧) સદર ગુનાના કામે આરોપીનો રીમાન્ડ સમય પૂર્ણ થતા, પોલીસ એજન્સી દવારા મજકુર આરોપીને અત્રે રજુ કરેલ છે. ત્યારબાદ આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી આર.કે.બારોટએ હાલની જામીન અરજી રજુ કરેલ છે.

(૨) સદર કામે આરોપીના વિ.વકીલશ્રી આર.કે.બારોટ તથા વિ.એ.પી.પી. કુ.ટી. એલ.કુરેશીનાઓને સાંભળ્યા. અરજી, ફરીયાદ તથા તપાસના કાગળો વંચાણે લીધા. આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ–૬૫(એ),૬૫(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨) તથા આઈ.પી.સી.ની કલમ ૧૨૦ (બી),૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબનો ગુનો નોંધાયેલ હોય, આરોપીએ સી.આર.પી.સી. ની કલમ–૪૩૭ મુજબ હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) આરોપી તરફે વિ.વકીલશ્રીએ અરજીના સમર્થનમાં રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી તદ્દન નિર્દોષ છે તેમને ખોટી રીતે આ ગુનાના કામે સંડોવેલ છે. આરોપી વિરૂધ્ધ કોઈ પ્રથમ દર્શનિય કેસ નથી. આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે. આરોપી સ્થાનિક રહેવાસી છે, નાસી ભાગી જાય તેમ નથી અને નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તેનું પાલન કરશે, તેથી જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, સદર ગુનાના કામે પકડાયેલ વિદેશી દારૂની બોટલ /બીટરની બોટલ નંગ–૭૧૦૪, કુલ કિંમત રૂ.૧૪,૮૩,૪૦૪/– નો મુદ્દામાલ કબજે થયેલ છે. સદર ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતા, તે ૧૦–વર્ષ સુધીની સજાને પાત્ર ગંભીર પ્રકારનો ગુનો હોય અરજી નામંજુર કરવી જોઈએ.

(૫) બન્ને પક્ષની દલીલો તથા આ કામે રજુ થયેલા કેસ પેપર્સ ધ્યાને લીધા. આ કામે પકડાયેલ વિદેશી દારૂના સેવનથી માનવ જીંદગી અને સ્વાસ્થ્યને નુકશાન થાય તેમ છે અને સમાજ ઉપર તેની ગંભીર અસર થાય તેમ છે, જેથી સદર ગુનાની હકીકત, ગુનાનું સ્વરૂપ તથા આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, જે સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, તથા આ પ્રકારના

ગુનાઓ દીન પ્રતિદીન વધી રહેલ છે અને આવા ગુનાઓમાં જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, કાયદામાં કરેલ સખત જોગવાઈઓનો કોઈ અર્થ રહે નહી અને આ પ્રકારનો ગુનો કરવાવાળાઓને વેગ મળશે. આમ, આ કામે ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો, પકડાયેલ મુદ્દામાલનો જથ્થો, ગુનાનું સ્વરૂપ તથા ગંભીરતા, સજાની જોગવાઈ વિગેરે પરીબળો ધ્યાને લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.**૧૬** મી, માહે **જાન્યુઆરી,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૧/૨૦૨૫
રાધનપુર

(મનિષ ભરતભાઈ નિમાવત)
કોડ નં.જીજે ૦૯૭૧
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર

એસ.આઈ.પ્રજાપતી,
ગુજ.સ્ટેનો.